# ભજન:૪

## આવો ડાકોરના શ્યામ...

રાધેશ્યામ શ્યામ શ્યામ સીતારામ રામ રામ...૨

આવો ડાકોરના શ્યામ મારા રુદિયાના રામ...૨
રાધેશ્યામ.......

લગની લાગી મને તારી...૨
દર્શન દેજો મારા રામ....
રામ ભક્તો કરે છે પ્રણામ....આવો ડાકોરના..
રાધેશ્યામ......

મનડાની વાતો મારી મનમાં રહી જાશે...૨
તારા વિના રે બેલી કોણ મારું થાશે...૨
મારા હૈયે લખેલું તારું નામ....આવો ડાકોરના..
રાધેશ્યામ.......

તારા વિયોગે જીવન કેમ કરી જાશે...૨
ઝુરી ઝુરી કાયા મારી રાખ થઇ જાશે...૨
તેં તો કીધા છે ભક્તોના કામ....આવો ડાકોરના..
રાધેશ્યામ......

મનુષ્ય જનમ મારો એળે વહી જાશે...૨
ત્યારે કાનુડા તારા દર્શન થાશે...૨
પ્રભુ આવી ઉભો છે તારે દ્વાર....આવો ડાકોરના..
રાધેશ્યામ......